# તહેવારોમાં કોરોનાથી બચવાની વિશેષ કાળજી રાખીએ...

- **(સાવધાન : કોરોનાનું સંક્રમણ દીવાળીના તહેવારો પછી ખૂબ જ વધી જશે)**
- **(સંક્રમણ ખૂબ વધી જશે પણ જાગૃત રહેવાની જરૂર છે. બહુ હતાશ થવાની જરૂર નથી)**
- **(દીવાળીના વેકેશનમાં કયા લોકોએ વધારે ધ્યાન રાખવાની જરૂર છે)**

ડાહ્યાભાઈ આજે વહેલા આવી ગયા હતા. બીજા ત્રણ મિત્રોની રાહ જોતા બેઠા હતા. સોસાયટીમાં કોઈક કોઈક ઘરો પર દીવાળીની રોશની રેખાતી હતી. દરેક દીવાળીની જેમ આ વખતે પણ લોકોમાં દીવાળીનો ઉત્સાહ છે. પણ કોરોનાની દહેશતના હિસાબે બધા જ ગભરાયેલા છે. ત્યાં ગાંડાભાઈ



આવીને બેઠા. અરે ડાહ્યાભાઈ ખૂબ જ સારું છે. અત્યારે કોરોનાના દર્દીઓ ખૂબ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. જે લોકો કોરોનાના ટેસ્ટ કરે છે એ લોકો અને સરકાર એવો દાવો કરે છે કે કોરોનાના દર્દીઓમાં સારો એવો ઘટાડો જોવા મળે છે. ડાહ્યાભાઈએ કહ્યું, ખૂબ સારી વાત છે.... કોરોના જેટલો ઓછો થાય તેટલું જ સારું છે પણ ગાંડાભાઈ ખૂબ ખુશ ન થઈ જતા.... દિવાળીના વેકેશનમાં સ્કૂલો બંધ છે, ઓફિસો બંધ છે, મોટાભાગના લોકો પોતાના ઘરે દીવાળી મનાવવા માટે નીકળી ગયા છે. એટલે ચારેબાજુ દીવાળી અને રજાઓનો માહોલ છે. પણ બીક એ છે કે સાત મહિના કરતા વધારે સમયથી લોકો ખૂબ જ ગભરાયેલા અને અકળાયેલા છે.




જેથી જયાં જેને જગ્યા મળી ત્યાં ફરવા માટેનું બુકિંગ કરાવી લીધું છે. હવે ગાંડાભાઈ સવાલ એ છે કે કોરોના મટી નથી ગયો, ઓછો થયો છે. જે લોકોને કોરોના ના કોઈ લક્ષણ નથી છતાં પણ કોરોના છે એ લોકો પણ બહાર ગયા છે... અને તેને લીધે બહાર લોકોમાં સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક પહેરવાની જરૂરિયાત વગેરેમાં થોડી ઢીલાશ આવી છે. તેના લીધે અજાણતાથી પણ બીજા લોકોને કોરોના થવાની શક્યતા નકારી ન શકાય...?! એટલે દિવાળી પછી કોરોનાનો સ્પેલ વધારે થઈ શકે. આ વાત ખૂબ જ અગત્યની છે. છતાં પણ લોકો મન મક્કમ કરી, પોતાની ફરજ ભૂલી દોડાદોડ કરવાના અને તેને લીધે અત્યારના જે કોરોના ઓછા દેખાય છે તે કદાચ વધારે દેખાશે. વાતાવરણમાં પણ ખૂબ ફેરફાર થયા છે. દિવસે ગરમી, અને રાત્રે વધારે પડતી ઠંડી આ વાતાવરણનું વિરોધાભાસી એ કોરોના વાયરસ માટે ખૂબ અનુકૂળ છે. અને તેથી કોરોના વધારે પ્રમાણમાં ફેલાવવાની દહેશત રહેલી છે. લોકોએ ખાવા-પીવાની બાબતમાં ખૂબ ધ્યાન રાખવાની જરૂર છે. વધારે પ્રમાણમાં પ્રોટીન અને કેલેરીવાળા ખોરાક લેવા જોઈએ. ખાસ કરીને દીવાળીમાં ખાંડની વસ્તુઓ અને તળેલી વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. પણ એ શક્ય છે...!!??

આપણે ગુજરાતી ખાંડ અને તળેલી વસ્તુ આપણા માટે સ્વર્ગ સમાન છે. આ બધું તો વાતો કરીને છીએ પણ ખરેખર ભગવાન આપણને કેવી રીતે બચાવે એ તો ભગવાન જ જાણે છે. આવું બધું વાંચવાથી દુઃખી થઈ જવાય પણ જો સાવધાની રાખીએ તો કદાચ સારા પરિણામ મળી શકે.

આટલા વર્ષ સુધી આપણે દીવાળીમાં મજા કરી છે... એક દીવાળી આપણી જાત માટે, આપણા સમાજ માટે, આપણા કુટુંબ માટે ન આપી શકીએ? સંકલ્પ કરવાની જરૂર છે કે આ ૧૦ દિવસ ખૂબ જ જીણવટ પૂર્વક કોરોના નામે પોતાની જાતને અલગ રાખીએ. ખાસ કરીને જે લોકો યુવાન છે જેમની રોગપ્રતિકારક શક્તિ સારી છે. જે લોકો રેગ્યુલર કસરત કરે છે. તે લોકોને કોરોનાનું સંક્રમણ થાય છે તો પણ ચિંતા કરવાની જરૂર નથી. ૮-૧૦ દિવસમાં કોરોનાના એન્ટી બોડી શરીરમાં બની જતા હોય છે. રસી ઉપલબ્ધ નથી ત્યારે એન્ટી બોડી આપણો ઉદ્ધાર કરી શકે એમ છે. કોરોનાની કોઈ દવા નથી. કોરોનાના લીધે શરીરમાં જે આડ-અસર ઊભી થાય છે એના માટે દવા ડૉકટરો આપતા હોય છે. જેમ કે, તાવ આવે તો પેરા-સિટામોલ લેવાની, વિટામીન-સી, ઝિંક અને બી-કોમ્પલેક્ષ શરીરમાં અશક્તિ ના આવે એ માટે લેતા હોય છે. અને એક એન્ટી બાયોટીક વાયરલ ઉપર બેકટેરિયલ ઈન્ફેકશન ના થાય એના માટે આપતા હોઈએ છીએ. બાકી થોડા હોમ-કોરોન્ટાઈનથી ૫૦ વર્ષથી નીચેના માણસોને કોરોના મટે છે. ગાંડાભાઈથી પૂછ્યું, ડાહ્યાલાલ ૫૦ વર્ષથી ઉપરનાનું શું ? જો તમારી ઉંમર ૫૦ વર્ષથી ઉપર હોય તો તમારામાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય.

ડાયાબિટીસ હોય, બીપીની સમસ્યા હોય. આ પરિસ્થિતિમાં કોરોના તો શું કોઈ પણ વાયરલ ઈન્ફેકશનમાં તકલીફ પડી શકે છે. આ દીવાળીના તહેવારમાં ૫૦ વર્ષથી ઉપરના માણસોને સાવધાન રહેવાની જરૂર છે. બને ત્યાં સુધી ઘરમાં રહીએ, સાદો ખોરાક ખાઈએ અને આ ૧૦ દિવસ તહેવારોના પસાર કરીએ.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વોકલ ફોર લોકલ' અભિયાન અંતર્ગત

# લોકલ વેન્ડર્સ-વિક્રેતાઓ માટે યુનિવર્સિટી કેમ્પસ ખાતે ૧૦-૧૧ નવેમ્બરે પ્રદર્શન

ગાંધીનગર, તા. ૮

વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી એ તાજેતર માં મન કી બાત માં જણાવ્યું હતું કે, ઘરેલુ વિક્રેતાઓને ની પ્રોડકટસ તથા સર્વિસ ના વેચાણ, પ્રચારને વેગ અને સપોર્ટ આપવા માટે આપણે સૌ એ 'વોકલ ફોર લોકલ' અભિયાન ને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આપણે ઘરેલુ વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખીયે અને સાથે સાથે ગર્વ થી તે વસ્તુઓઓનો અને લોકલ વેન્ડર્સનો પ્રચાર પણ કરીયે. આનાથી લોકલ વેન્ડર ની આજીવિકા વધશે, તેઓ પોતાનું રોજગાર સરળતાથી કરી શકશે તથા ડોમેસ્ટિક માર્કેટ માં પૈસા નું સર્ક્યુલેશન પણ વધશે.


લોકલ વેન્ડર્સની આવક મોટાભાગે તેઓના પ્રોડક્ટસ ના રોજિંદા વેચાણ પર આધારિત હોય છે. પરંતુ કોવીડ-૧૯ રોગચાળાએ તેમના વ્યવસાય પર નકારાત્મક રીતે અસર કરી છે. આજે ખરીદનારની ખરીદીની પેટર્ન ઘણી બદલાઈ ગઈ છે, મોટેભાગે લોકો ઓનલાઈન ખરીદી નો આગ્રહ રાખે છે જેને લીધે લોકલ વેન્ડર ના વ્યવસાય માં મોટું નુકશાન થઈ રહ્યું છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ 'વોકલ ફોર લોકલ' અભિયાન ની પહેલ કરી છે જેમાં અત્યાર સુધી ૧૭૦ થી વધુ લોકલ વેન્ડર નું રેજીસ્ટ્રેશન થયું છે જેને સ્વર્ણિમ યુનિવર્સિટી વિવિધ માધ્યમો દ્વારા લોકલ વિક્રેતાઓના પ્રોડકટસ વિષે જાગૃતિ તથા પ્રચાર કરશે. જેથી મહત્તમ લોકો સુધી તેની માહિતી પહોંચે અને આ વેન્ડર્સ જોડે થી લોકો ખરીદી પોતાની જરૂરિયાત મુજબ કરવા પ્રેરાય.

આ અભિયાનના જ ભાગરૂપે તા. ૧૦ અને ૧૧ નવેમ્બર ૨૦૨૦ ના રોજ યુનિવર્સિટી કેમ્પસ, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૦૦ વાગ્યાથી ૦૫.૦૦ વાગ્યા સુધી પ્રદર્શન યોજાશે. જેમાં ૧૫ જેટલા ડોમેસ્ટિક વેન્ડર ભાગ લેશે અને વિવિધ પ્રોડક્ટ્સ જેમ કે દીવડાઓ, હોમમેઈડ ચોકલેટ, જ્વેલરી, હેન્ડીક્રાફ્ટ્સ, માટી થી બનાવેલ વસ્તુઓ, ગાર્મેન્ટ્સ, રસોઈ માં વપરાતા મસાલાઓ વિગેરે વિષે મુલાકાતીઓને માહિતી આપશે અને પ્રોડક્ટ્સનું એક્સહિબીશન માં રજુ કરી શકશે.

આ પ્રયત્ન થી લોકલ વિક્રેતાઓ ને એક વિશાળ પ્લેટફોર્મ મળશે અને વિવિધ માધ્યમો દ્વારા તેઓ ની વસ્તુઓ અને સર્વિસ વિષે લોકો સુધી માહિતી પહોંચી શકશે. તે ઉપરાંત વિવિધ પ્રોડક્ટ કેટેગરી ના હોલસેલર, રિટેલર જોડે સંપર્ક કરી ને લોકલ વેન્ડર તેઓ ને જથ્થાબંધ વસ્તુઓ નિયમિત રૂપે વેચી શકે તે અંગે સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે. સ્વર્ણિમ યુનિવર્સિટી એ સ્થાનિક વિક્રેતાઓનો અવાજ બનવાની પહેલ કરી છે. આ રોગચાળાની પરિસ્થિતિ દરમિયાન, તેમના વ્યવસાય અને નિયમિત આવક પર વિપરીત અસર ઓછી કરવાના પ્રયાસ રૂપે આ અભિયાન નું આયોજન કરેલ છે. સ્થાનિક વિક્રેતાઓને ટેકો આપવા માટે આપણે સૌ એ જોડાવવું ખુબ જરૂરી છે.

કોવીડ-૧૯ ની વતર્માન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને યુનિવર્સિટી દ્વારા તમામ સાવચેતીનાં પગલાં લેવાઈ રહ્યા છીએ. મુલાકાતીઓ માટે માસ્ક પહેરવું ફરજિયાત છે, સેનિટાઈઝરને પોતાની સાથે લાવવાની સૂચના અપાઈ છે. યુનિવર્સિટીના પ્રવેશદ્વાર પર ટેમ્પરેચર માપીને જ વ્યક્તિ ને અંદર પ્રવેશ આપવામાં આવે છે તથા સોશિયલ ડિસ્ટન્સ ને પણ અનુસરવા માં આવે છે.






સોમનાથ મહાદેવના દર્શન કરી રાજ્યમંત્રી પરષોત્તમભાઈ સોલંકી ધન્ય બન્યા હતા. તેઓએ ભગવાન સોમનાથ મહાદેવની પુજા કરેલ આ પ્રસંગે મંદિર દ્વારા તેઓનુ સન્માન કરવામાં આવેલ હતું.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓની ટીમ ROVER રોબોફેસ્ટ - ગુજરાત ૧.૦ કોમ્પિટિશનમાં રાજ્યકક્ષાએ સંયુક્ત વિજેતા

વલ્લભ વિદ્યાનગર, તા. ૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના વિદ્યાર્થીઓ ની ટીમ ઈંફઈઇ એ રાજય કક્ષા એ યોજાયેલ રોબોટિક્સ કોમ્પિટિશન રોબોફેસ્ટ-ગુજરાત ૧.૦ માં કેટેગરી-૦૬ માં સંયુક્ત વિજેતા ની સિદ્ધિ મેળવી છે તથા તેમને ૨.૫ લાખ રૂપિયા નું કેશ પ્રાઈઝ તથા પ્રમાણપત્રો આપવામાં આવશે તથા વિદ્યાર્થીઓ એ ડિઝાઈન કરેલ ROVER ને ગુજરાત સાયન્સ સીટી અથવા રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ ની રોબોટિક્સ ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવશે.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સમગ્ર ટીમ ને અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતું કે AICTE દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ ના ઈમર્જિંગ ટેનોલોજીકલ ટ્રેન્ડ્સ માં રોબોટિક્સ નો સમાવેશ થાય છે ઉપરાંત ઈસરો દ્વારા લોન્ચ કરાયેલ ચંદ્રયાન-૨ માં વિક્રમ લેન્ડર સાથે ચંદ્રની સપાટી પર થી કોમ્યુનિકેશન માટે pragyan rover નો ઉપયોગ થયો હતો જે સ્પેસ સાયન્સમાં વિદ્યાર્થીઓને રોબોટ ડિઝાઈન માટે પ્રેરણરૂપ સાબિત થયું છે.



ટીમ ROVER-BVM ના મેન્ટર ડૉ.વિનય જે. પટેલે જણાવ્યું હતું કે ઉપરોક્ત ROVER એ ૬ વ્હીલ ધરાવતું ઓલ ટેરેન વેહિકલ છે જેની ડિઝાઈન માં NVIDIA Jetson Nano board,IOT કમાન્ડસ ,2D મેપિંગ માટે LiDAR સેન્સર્સ, ઓબ્સ્ટેકલ સેન્સિંગ માટે અલ્ટ્રાસોનિક સેન્સર્સ, GPS મોડ્યુલ, હોકાયંત્ર તથા હાઈ રિસોલ્યુશન કેમેરા નો ઉપયોગ કરવામાં આવ્યો છે જેથી તે માણસ માટે પહોંચવું મુશ્કેલ હોય તેવી અનિયમિત સપાટી પરથી ૩૬૦ સ્કેનિંગ કરીને ઈમેજ કેપ્ચર કરી શકે છે ઉપરાંત તેમાં Li-Po બેટરી નો ઉપયોગ કરવામાં આવ્યો છે જે ૪ કલાક નો સ્ટેન્ડબાય ટાઈમ પૂરો પાડે છે આ ઉપરાંત તે આગ લાગી હોય તેવી જગ્યાએ ઈમર્જન્સી ઓપરેશન તથા ખાણ ક્ષેત્રે પણ ઉપયોગી છે.ઉપરોક્ત ROVER ડિઝાઈન ને રીઅલ ટાઈમ કાર્યરત કરવામાંમાં બીવીએમના મિકેનિકલ એન્જીના વિદ્યાર્થીઓ હુસેન બદ્રી, હર્ષિલ પટેલ,જય પ્રજાપતિ, ઈલેક્ટ્રોનિક્સ એન્જી ના વિદ્યાર્થીઓ ઈશ્વર્ય જોષી,ધૈર્ય પરીખ તથા ડૉ. હરેશ પાટોલિયા તથા ડૉ. ડી. એમ. પટેલે ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.

ટીમ ROVER ની આ સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ અભિનંદન પાઠવ્યા હતા.

# 3-D પ્રિન્ટિંગ અને Recent Trend in Renewable Energy Sources વિષય પર ત્રિદિવસીય ઓનલાઈન વેબીનાર

ગાંધીનગર,તા. ૮

૨૧મી સદીનું ભારત આધુનિક દ્રષ્ટિએ હરણફાળ કૂચ કરી રહ્યું છે. ડિપ્લોમાં ઈજનેરીના ટેકનિકલ વિદ્યાર્થીઓ આધુનિક ભારતમાં પોતાનું યોગદાન આપી શકે, તે વિષયને ધ્યાનમાં લેતા શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક સેક્ટર ૨૨, ગાંધીનગર ખાતે GUJCOST ની સહાયથી 3-D પ્રિન્ટિંગ અને Recent Trend in Renewable Energy Sources વિષય પર ત્રિ દિવસીય ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૨, ૨૩ અને ૨૪ ઓક્ટોબર આયોજિત આ વેબીનારમાં વિદ્યાર્થીઓને 3-D પ્રિન્ટિંગ અને તેની આવનાર ભવિષ્યની તકો વિશે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ પુન:પ્રાપ્ય ઉર્જાસ્ત્રોતના વિશેષ વિષય પર પણ વિદ્યાર્થીઓને કારગત જ્ઞાન આપવામાં આવ્યું હતું, તથા GUJCOST અનુદાનિત આ વિશેષ ઓનલાઈન વેબીનારના આયોજન માટે સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર ધર્મેશ વંડરાએ GUJCOS તેમજ તમામ કો-ઓર્ડીનેટરનો આભાર વ્યક્ત કર્યો હતો.






## ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી જરૂરિયાતમંદોને જરૂરી વસ્તુનું વિતરણ

ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના ગોઢ મુકામે કુલ ૬ ગામોના ૭૫ લાભાર્થીઓને ૧ કિલો તેલ, ૨ કિલો ચોખા, ખજુર, રામ પ્રસાદ ખીચડી તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૨૪ જરૂરિયાતમંદોને યોગ્ય દાન કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં જીપીએસસીના અધ્યક્ષ પ્રવિણભાઈ વઘાસીયા, મિલિન્દભાઈ, દેવ સુથાર તથા ભીમજીભાઈનો સહયોગ રહ્યો હતો.



શ્રી સોમનાથ ટ્રસ્ટ ના માનનીય ટ્રસ્ટી એલ કે અડવાણી સાહેબના જન્મ દિવસ નીમીત્તે વિશેષ આયોજન સોમનાથ મંદિર ખાતે કરવામાં આવેલ, જેમાં મહાપૂજા અને તેમજ નિરામય આરોગ્ય અને દિર્ઘાયુષ્ય માટે આયુષ્ય મંત્ર જાપ કરવામાં આવેલ હતા. આ પ્રસંગે કીરીટસીંહ રાણા પરિવાર સાથે આ પૂજામાં જોડાયા હતા સાથે ટ્રસ્ટ ના જનરલ મેનેજર શ્રી, સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.